ગુજરાત સમાચાર, પાના નં-૦૪, તા. ૨૭-૦૯-૨૦૨૩

## પાટનગરની શાન અને ઓળખ હોવાથી

# મેટ્રો ટ્રેનના રૂટમાં આવતાં ચ ૫ અને ઘ ૫ સર્કલને જાળવી રાખવા નિર્ણય

ગાંધીનગર, બુધવાર

પાટનગરમાં પણ આગામી સમયમાં મેટ્રો ટ્રેન દોડતી થશે. તેના માટે શહેરના મુખ્ય માર્ગો પર યુદ્ધના ધોરણે એલીવેટેડ વે બંધાઈ રહ્યો છે. ત્યારે મેટ્રોના રૂટમાં આવતા નગરની શાન અને ઓળખ બનેલા ચ ૫ અને ઘ ૫ સર્કલને જાળવી રાખવા નિર્ણય લેવાયો છે. તેના અંતર્ગત ઉપરોક્ત સર્કલની મધ્યમાં પણ પિલ્લર ન આવે તેના માટે ૪૫ મીટર લંબાઈના સ્પાન મુકવાનો વિકલ્પ અપનાવવામાં આવશે.

## સર્કલની વચ્ચે પણ પિલ્લર નહીં આવે પરંતુ બન્ને છેડાને જોડવા ૪૫ મીટરનો સ્પાન મુકવાનો વિકલ્પ અપનાવાશે

અમદાવાદ, ગાંધીનગર મેટ્રો રેલ કોપીરેશન અને રાજ્યના માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની આ મુદ્દે બેઠક પણ મળી ચૂકી છે. જેમાં ચ ૫ સર્કલ અને ઘ ૫ સર્કલ સંબંધેની તમામ માહિતી સાથે ચર્ચાઓ થઇ છે. બન્ને સર્કલ નગરના રાજમાર્ગ સમાન ચ અને ઘ રોડ પર તથા મુખ્ય માર્ગ નંબર ૫ને જોડતા હોવાથી અહીં મોટા પ્રમાણમાં વાહનોની અવર જવર રહેતી હોવાની બાબતની ખાસ નોંધ લેવામાં આવી છે. ટ્રાફિકના યોગ્ય સંચાલન માટે પણ બન્ને સર્કલને જરૂરી ગણવામાં આવ્યા છે અને બન્ને સર્કલના અસ્તિત્વને જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના માટે જ સર્કલ ઉપરથી પસાર થતા એલીવેટેડ વે પર આ સ્થળે ૪૫ મીટર લંબાઈનો સ્પાન મુકવામાં આવશે. પરિણામે સર્કલની મધ્યમાં પણ પિલ્લર ઉભા કરવાની જરૂરત રહેશે નહીં. નોંધવું રહેશે કે તાજેતરમાં જ ચ ૦ સર્કલ

(અનુસંધાન બીજા પાને)

## મેટ્રો ટ્રેનના રૂટમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

પર ૩૦૦ ટન વજનનું ગડર મુકીને આવી વ્યવસ્થા કરાઈ હતી. શહેર મધ્યેના આ બન્ને મહત્વના સર્કલને જાળવી રાખવા સંબંધમાં અધિકારી સુત્રોએ એમપણ જણાવ્યું કે હાલમાં સર્કલની જે સાઇઝ છે, તેને થોડી ઘટાડવી પડે તેવું બની શકે છે. પરંતુ તેમ કરવામાં આવવાથી પણ ટ્રાફિક હાલની જેમ જ સરળતાથી પસાર થિ શકે તેટલી મોટી જગ્યા તો ઉપલબ્ધ રહેશે. સરવાળે ગાંધીનગર શહેરના વાહનોની અવર જવરથી ધમધમતા રહેતા આ બન્ને સર્કલ ઇતિહાસ બની જવામાંથી બચી જવાના છે.